જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૧/૨૦૧૬ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી ૨૬૨ લીટર દેશી દારૂ, ૨૬૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૮૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**દુષ્પ્રેરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૯/૧૬**

**ગોમતીપુરઃ** પ્રાગજીભાઈ જીવકાભાઈ બાબરીયા (ગામ ચલાલા તાલુકો ધારી જીલ્લો અમરેલી) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની પુત્રી રૂપાબહેન (ઉ.વ.૨૫) એ તેના પતિ દીપકભાઈ સતીષભાઈ બાબરીયા (રહે. છીપાની ચાલી બળીયાકાકા ચાર રસ્તા ગોમતીપુર) અને સાસરીયાના શારીરીક અને માનસીક ત્રાસના કારણે તા.૨/૧/૧૬ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે શારદાબેન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સાંજના ૬/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે ડી ડાંગરવાલા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૩૦/૧૬**

**એલીસબ્રીજઃ** હિતેશભાઈ ડાહ્યાભાઈ પટેલ (રહે.ઓલવીસ એપાર્ટમેન્ટ શ્રેયસ ક્રોસીંગ પાસે નવકાર કોમ્પલેક્ષ પાછળ આંબાવાડી) એ તા.૩/૧/૧૬ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૧/૧૬ સાંજના ૬/૦૦ થી તા.૩/૧/૧૬ સવારના ૮/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૫૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી ડી વસાવા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)